Pilot Form of the Tools

Attitude towards Education and the educational Programme

કેળવણી અને શૈક્ષણિક કાર્યક્રમ.

૧. આજનું શિક્ષણ જીવનનિર્વાહ માટે પણ ઉપયોગી નથી.

૨. આજનું શિક્ષણ મને કોઇપણ રીતે ઉપયોગી લાગતું નથી.

૩. વિદ્યાર્થીના ભવિષ્યનો વિચાર કર્યા વિના [illegible]

APPENDIX NO.II

PILOT FORM OF ALL THE TOOLS
(GUJARATI)

૬. આજની કેળવણી ભવિષ્યને માટે ભાથું પૂરું પાડે છે.

૭. આજની કેળવણી વિદ્યાર્થીઓને પગિળા બનાવે છે.

૮. કેટલાક રાજદ્વારી પુરૂષોએ વિદ્યાર્થીના હિતનો વિચાર કર્યા વગર આજનો અભ્યાસક્રમ વિદ્યાર્થી ઉપર લાદયો છે.

૯. અભ્યાસક્રમ ઘડતી વખતે વિદ્યાર્થીઓનાં હિત ધ્યાનમાં રાખ્યાં હોય એવું લાગતું નથી.

૧૦. ગમે તેમ હોય પણ આજની કેળવણીથી કોઇને પણ ફાયદો થયો હોય એવું લાગતું નથી.

૧૧. હાલનો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓની કક્ષા લક્ષમાં રાખીને ઘડાયો છે.

૧૨. આજની શિક્ષણપ્રથા ઠીક છે. માટે એ વિષે કંઇ કહેવાનું નથી.

૧૩. લોકશાહી નાગરિક બનાવવા માટે આજનો અભ્યાસક્રમ પૂરતો નથી.

૧૪. આજના અભ્યાસક્રમમાં અનેક વિષયોનો ખીચડો કરવામાં આવ્યો છે.

૧૫. આજની કેળવણી વિદ્યાર્થીઓની સ્વતંત્રતા ઝુંટવી લે છે.

૧૬. આજની કેળવણી લોકશાહી નાગરિક બનવાની પ્રેરણા આપે છે.

૧૭. આજની કેળવણીની પ્રથા સમાજના ચોક્કસ વર્ગને માટેજ નિર્મિત થયેલી છે.

૧૮. કેળવણીના તંત્રમાં પણ પક્ષપાત અને રૂશ્વતખોરી માલૂમ પડે છે.

૧૯. આજના શિક્ષણમાં ડગલે ને પગલે પરીક્ષાનો હાઉ ઉભો કરવામાં આવે છે.

૨૦. આજના શિક્ષણમાં ફક્ત ધનિકોના દીકરાઓ ખાનગી ટયૂશન મારફતે અયોગ્ય રીતે ઉંચા આવતા જણાય છે.

૨૧. ટયૂશન અને ખાનગી વર્ગમાં દાખલ થયા સિવાય પરીક્ષામાં પાસ થવું મુશ્કેલ થઇ પડે છે.

૨૨. આજની શિક્ષણપ્રથા વિદ્યાર્થીઓમાં અસમાનતા ફેલાવે છે.

૨૩. કોઇને પણ આજની કેળવણીથી ફાયદો થતો નથી.

૨૪. આજનું શિક્ષણ ઠીક છે, વિદ્યાર્થીઓને કામગરા બનાવે છે.

૨૫. આજની કેળવણી વિદ્યાર્થીઓને વ્યવહારૂ બનાવે છે.

૨૬. આજની કેળવણીનો ઉપયોગ વ્યવહારમાં જરાપણ થતો નથી

૨૭. આજની કેળવણીથી ભણેલાઓમાં બેકારી વધી છે.

૨૮. આજની શિક્ષણ પધ્ધતિમાં શું ભણીએ છીએ તે ખબર પડતી નથી.

૨૯. મારે આજની શિક્ષણ પધ્ધતિ માટે કંઇ કહેવાનું નથી.

૩૦. કોઇક વખતે મને આજનું શિક્ષણ ગમે છે અને કોઇક વખતે નથી ગમતું.

૩૧. આજનું શિક્ષણ શા માટે ભણીએ છીએ તે જ સમજાતું નથી.

૩૨. હું ઘરમાં બેસી રહેવા કરતાં શિક્ષણ લેવું પસંદ કરૂં છું.

૩૩. આજની પરીક્ષામાં લાગવગશાહીને સ્થાન મળ્યું છે.

૩૪. આજની પરીક્ષા માનસિક બોજો વધારે છે.

૩૫. આજનું શિક્ષણ સમાજમાં ઉચ્ચસ્થાન મેળવવા મદદરૂપ થાય છે.

૩૬. હાલના અભ્યાસક્રમથી બાળકોની માનસિક શક્તિ ખીલે છે.

૩૭. હાલના શિક્ષણમાં લેખનકળા ખીલવવાની તાકાત નથી.

૩૮. આજના અભ્યાસક્રમથી બાળકો બહુલક્ષી બન્યા છે.

૩૯. આજના શિક્ષણ કાર્યક્રમમાં ધાર્મિક બાબતોને સંકળવી જોઇએ.

૪૦. આજનું શિક્ષણ વિશાળ વાંચનની ટેવ વિકસાવે છે.

૪૧. આજની કેળવણી વિદ્યાર્થીઓનું ભાષા પરનું પ્રભુત્વ ખીલવેછે.

૪૨. આજનો શિક્ષણ કાર્યક્રમ દેશપ્રેમ અને નેતાગીરી શીખવે છે.

૪૩. આજના શિક્ષણથી વિદ્યાર્થીઓ સાહિત્યપ્રેમી બન્યા છે.

૪૪. શિક્ષણ પદ્ધતિમાં વ્યવસ્થિતપણાને સ્થાન હોવું જોઇએ.

૪૫. હાલની શિક્ષણપદ્ધતિ વિદ્યાર્થીઓની ગોખણ શક્તિને ખીલવે છે.

૪૬. આજના શિક્ષણમાં દરેક ક્ષેત્રે નવીનતા ભાસે છે.

૪૭. આજના શિક્ષણકાર્યમાં શારીરિક શિક્ષાને સ્થાન જ નથી.

૪૮. આજની શિક્ષણપદ્ધતિ પરદેશીઓનું આંધળુ અનુકરણ માત્ર છે.

૪૯. આજનું શિક્ષણ બાળકોનું ચારિત્ર્ય ઘડવામાં મદદરૂપ થાય છે.

૫૦. આજનું શિક્ષણ બાળકોમાં અશ્રદ્ધા જન્માવે છે.

૫૧. આજનો અભ્યાસક્રમ અતિશય શૈક્ષણિક અને રૂઢિચુસ્ત છે.

૫૨. આજની કેળવણી બાળકોની જિજ્ઞાસાને પોષતી નથી.

૫૩. આજની શિક્ષણ પદ્ધતિમાં પરીક્ષાને વધુ પડતો ભાર આપવામાં આવ્યો છે.

૫૪. અભ્યાસક્રમ ઘડતી વખતે ઇતર પ્રવૃત્તિઓને યોગ્ય સ્થાન આપ્યું નથી.

૫૫. આજના અભ્યાસક્રમમાં ઇતર પ્રવૃત્તિઓને લીધે વિદ્યાર્થીઓ શિક્ષણ તરફ બેદરકાર બન્યા છે.

૫૬. શૈક્ષણિક કાર્યક્રમમાં સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક બાબતોને યોગ્ય સ્થાન આપ્યું નથી.

૫૭. હાલના અભ્યાસક્રમમાં માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ વચ્ચે મોટો ગાળો પડી જાય છે.

૫૮. આજની કેળવણીથી વિદ્યાર્થીઓની કક્ષા નીચે ઉતરવા માંડી છે.

૫૯. આજનું શિક્ષણ બાળકોના સર્વાંગી વિકાસમાં મદદરૂપ છે.

૬૦. આજની કેળવણી બાળકોને એકલક્ષી બનાવે છે.

૬૧. આજની કેળવણીથી બાળકો પ્રવૃત્તિશીલ બન્યા છે.

૬૨. આજનું શિક્ષણ તદન નકામું છે, આળસુ થતાં શીખવે છે.

૬૩. આજનું શિક્ષણ લેવાલાયક તો ખરૂં.

૬૪. આજની કેળવણીજ સાચી કેળવણી છે, જે વિદ્યાર્થીને દરેક ક્ષેત્રના જાણકાર બનાવે છે.

૬૫. આજના શિક્ષણથી વિદ્યાર્થીઓ સમાનતાનો ગુણ કેળવી શક્યા છે.

Attitude Towards School

શાળા તરફનું વલણ

૧. શાળા તો જીવનને ઉચ્ચતમ પગથિયે લઇ જનાર પગથિયું છે.

૨. શાળા ઠીક છે, વિદ્યાર્થીઓને છ કલાક પસાર કરવાનું સાધન છે.

૩. હું નોકરી કરવા કરતાં નિશાળે જવું પસંદ કરું છું.

૪. શાળા એક જેલ જેવી છે.

૫. શાળામાં મને મજાક ઉડાવવાનો આનંદ આવે છે.

૬. મને શાળાનું કામ કરવું ગમે છે.

૭. મને વર્ગમાં ગમતું નથી.

૮. શાળાની કેળવણીથી બાળકનું વ્યક્તિત્વ ખીલી ઉઠે છે.

૯. નિશાળે જવું તો મને ભારે થઇ પડે છે.

૧૦. પ્રથમ કક્ષાના લોકો શાળાની કેળવણી લે છે.

૧૧. હું તો નિશાળ કરતાં કંઇ ધંધો યા નોકરી કરવાથી વધુ શીખી શકું.

૧૨. નિશાળે જવાથી નોકરી મેળવવામાં સહાય મળે છે.

૧૩. નિશાળે જનાર વિદ્યાર્થી પહેલાં કરતાં વધારે ચારિત્રયભ્રષ્ટ થાય છે.

૧૪. શાળામાં કાનૂન અને નિયમોનો પાર નથી રહેતો.

૧૫. શાળા વિદ્યાર્થીઓને સ્વાવલંબી થતા શીખવે છે.

૧૬. શાળામાં તો એકની એક જૂની ઘરેડવાળી નકામી બાબતો શીખવવામાં આવે છે.

૧૭. નિશાળ ઠીક છે, પણ મને તે ગમતી નથી.

૧૮. નિશાળમાં ખામી તો હોય છે, પણ ત્યાં જવું ગમે છે.

૧૯. ઘેર રહેવા કરતાં હું શાળાએ જવાનું પસંદ કરૂં.

૨૦. શાળા તો જેલ જેવી લાગે છે.

૨૧. આપણા ઘણા મહાન માનવીઓએ શાળાનું શિક્ષણ મેળવ્યું નથી.

૨૨. શાળાનું શિક્ષણ સારા શહેરી બનવામાં મદદ કરે છે.

૨૩. શાળાનું શિક્ષણ વ્યક્તિત્વમાં વધારો કરે છે.

૨૪. શાળાને લીધે જે ફાયદો થાય છે તેના કરતાં ખર્ચ વધુ થાય છે.

૨૫. શાળાના સ્નાતક કરતાં જૂનવાણી અભણ વધુ જાણે છે.

૨૬. વ્યક્તિના વ્યક્તિત્વને શાળા કચડી નાંખે છે.

૨૭. શાળામાં મુક્ત વાતાવરણ લાગે છે.

૨૮. શાળા વફાદારીનું ભાન કરાવે છે.

૨૯. જે લોકોએ શાળામાં કેળવણી ન લીધી હોય તેમની સાથે હળવું મળવું મને ગમતું નથી.

૩૦. હું શાળાની દરકાર કરતો નથી પણ બીજાઓએ કરવી જોઇએ એમ માનું છું.

૩૧. શાળા સારી હોઇ શકે પણ હું નથી માનતો તેનાથી કંઇ સારૂં થઇ શકે.

૩૨. શાળામાં સમાનતાની ભાવના ખીલે છે.

૩૩. શાળામાં સહાનુભૂતિનો ગુણ કેળવાય છે.

૩૪. મોટા ભાગના લોકો શાળામાં ન જાય તો તેમને કંઇ નુકશાન જવાનું નથી.

૩૫. શાળામાં જવાથી ખરાબ ટેવો પડે છે.

૩૬. શાળામાં જવાથી નિયમિતપણાનો ખ્યાલ આવે છે.

૩૭. શાળાઓ તો જનતા અને રાજ્યના પૈસાની બરબાદી કરે છે.

૩૮. શાળામાં વ્યાવહારિક જ્ઞાન મળતું નથી.

૩૯. શાળામાં પુસ્તકિયા જ્ઞાનથી કંટાળો આવે છે.

૪૦. સમાજમાં કાબુ રાખવા માટે શાળા અગત્યનું સાધન છે.

૪૧. સામાન્ય સમાજથી શાળા વખણાતી નથી.

૪૨. શાળા તેના સિધ્ધાંતોમાં તટસ્થ નથી.

૪૩. માણસજાતની સેવા બજાવવામાં શાળા સુધારો કરે છે.

૪૪. શાળામાં હોવા છતાં ચિત્ત ઘેર હોય છે.

૪૫. શાળામાં કામ કરવાનું પ્રોત્સાહન મળે છે.

૪૬. મને શાળા તરફ અનહદ આકર્ષણ છે.

૪૭. શાળામાં રજા હોય ત્યારે કંટાળો આવે છે.

૪૮. શાળામાં, જેને આપણે આદર્શ ચારિત્ર્ય માટે જરૂરી ગણીએછીએ તેને, શાળામાં જતો વિદ્યાર્થી તુચ્છ સમજે છે.

૪૯. કોઇપણ બીજી સંસ્થા કરતાં શાળા ચારિત્ર્ય ઘડતરના વિકાસમાં વધુ ફાળો આપે છે.

૫૦. શાળા સ્વાશ્રયની ભાવના વિકસાવે છે.

૫૧. શાળામાં અતિશય સખ્તાઇ બતાવવામાં આવે છે.

૫૨. હું તો માનું છું કે શાળાઓને તાળાં મારી દઇ શિક્ષકોએ કાંઇ ઉપયોગી કામ કરતા કરવા જોઇએ.

૫૩. શાળાના શિક્ષકો સમાજ ઉપર ભારરૂપ હોય છે.

૫૪. શાળાની શિસ્ત અનુકરણીય છે.

૫૫. શાળામાં જવાથી વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આવે છે.

૫૬. શાળા સમય પસાર કરવા માટે સારૂં સાધન છે.

૫૭. જો માબાપ પોતાના બાળકોને ઘેર રાખવા માગતા હોય તો તેમને ફરજિયાત શાળામાં નહિ મોકલવા જોઇએ.

૫૮. શાળાની કેળવણી કોઇપણ કુમાર માટે લાખો રૂપિયાથી વધુ કિંમતી છે.

૫૯. મને કોઇક વખતે શાળા ગમે છે અને કોઇક વખતે ગમતી નથી.

૬૦. શાળામાં શિક્ષણક્ષેત્રે નવીન પ્રયોગો હાથ ધરવામાં આવે છે.

૬૧. શાળામાં રમતગમતોના સાધનોનો પૂરેપુરો ઉપયોગ થાય છે.

Attitude Towards Teacher

શિક્ષક તરફનું વલણ

૧. શિક્ષકો મોટેભાગે પક્ષપાતી હોય છે.

૨. શિક્ષકો ઘણીવખતે પોતાની અણઆવડત ઢાંકવા વિદ્યાર્થી-ઓનો વાંક કાઢે છે.

૩. મને લાગે છે કે મારા શિક્ષકો મને બિલકુલ સમજી શક્યા નથી.

૪. કિન્નાખોરી એ મારા શિક્ષકોનું મુખ્ય લક્ષણ છે.

૫. શિક્ષકો વિદ્યાર્થીઓના વિકાસમાં ખૂબ રસ લે છે.

૬. મારા શિક્ષકનું વર્તન માયાળુ છે.

૭. વાલી કરતાં શિક્ષકો વધારે માનને લાયક છે.

૮. શિક્ષકો વિદ્યાર્થીઓ પ્રત્યે નફરતની નજરે જુએ છે.

૯. વર્ગની બહાર કોઇપણ જાતની મદદ કરવા શિક્ષકો તૈયાર થતા નથી.

૧૦. મને હંમેશાં શિક્ષકોની સહાનુભૂતિ મળે છે.

૧૧. શિક્ષકો વિદ્યાર્થીઓની અંગત બાબતમાં રસ લઇ યોગ્ય માર્ગદર્શન આપે છે.

૧૨. શિક્ષકો પાસે પુસ્તકિયા જ્ઞાન શિવાય કાંઇ વધારેની આશા રાખવી નિરર્થક છે.

૧૩. શિક્ષકો તરફથી પ્રોત્સાહન મળતું જ નથી.

૧૪. શિક્ષકોનું વર્તન અનુકરણીય હોય છે.

૧૫. મારા શિક્ષકો પાસેથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન મેળવી શકાય છે.

૧૬. શિક્ષકો નિઃસ્વાર્થી હોય છે.

૧૭. શિક્ષકો ભણાવવાના ધંધાને બોજારૂપ ગણે છે.

૧૮. વર્ગમાં ભણાવતી વખતે શિક્ષકો સમય પુરો થવા ઉપર લક્ષ આપે છે.

૧૯. વર્ગમાં કોઇ વખતે શિક્ષકોને ઉંઘનું હલકું ઝોકું આવી જાય છે.

૨૦. શિક્ષકો શાળાની ઇતર પ્રવૃત્તિઓમાં ઘણોજ રસ ધરાવે છે.

૨૧. શિક્ષકો શાળાની ઇતર પ્રવૃત્તિઓમાં નિરસ હોય છે.

૨૨. શિક્ષકો શાળામાં શિખવવાના વિષયો બરાબર તૈયાર કરતા નથી.

૨૩. શિક્ષકો આળસને લીધે શિક્ષણને રસમય બનાવી શકતા નથી.

૨૪. અણઆવડત ઢાંકવા શિક્ષકો આળસુ બની જાય છે.

૨૫. શિક્ષકો વિદ્યાર્થીઓની મુશ્કેલી સમજવા બિલકુલ પ્રયત્ન કરતા નથી.

૨૬. શિક્ષકો હોંશિયાર હોઇને વિદ્યાર્થીઓ તરફ દુર્લક્ષ સેવે છે.

૨૭. શિક્ષકો શિખવવાના વિષયો બરાબર તૈયાર કરે છે.

૨૮. શિક્ષકો સારા હોય છે.

૨૯. મારા જીવનના માર્ગદર્શન માટે હું શિક્ષકો ઉપર ભરોંસો રાખી શકું નહિ.

૩૦. શિક્ષકો માંહોમાંહે લડે છે.

૩૧. શિક્ષકો પ્રેરણાનું સ્થાન રહયા નથી.

૩૨. શિક્ષકો ઠીક છે, કોઇ વખતે સલાહ આપે છે.

૩૩. શિક્ષકો કોઇ વખતે મને ગમે છે, કોઇ વખતે નથી ગમતા.

૩૪. ઇન્સ્પેક્શન દરમ્યાન શિક્ષકો સારૂં શીખવે છે.

૩૫. શિક્ષકો વર્ગમાં ચોપડીમાંથી વાંચીને શીખવે છે.

૩૬. શિક્ષકો ગમે તે વિષયના ફૂટપ્રશ્નો સહેલાઇથી ઉકેલી શકે છે.

૩૭. મારા શિક્ષકોની શિખવવાની પધ્ધતિ મગજમાં ઠસી જાય એવી હોય છે.

૩૮. શિક્ષકો સ્વાર્થી હોય છે.

૩૯. શિક્ષકો પાસે ગમે ત્યારે મુશ્કેલી પૂછવા જઇ શકાય.

૪૦. શિક્ષકો બિનપક્ષપાતી હોય છે.

૪૧. મારા શિક્ષકો યંત્રવત શીખવે છે.

૪૨. મારા શિક્ષકોની શિક્ષણશૈલી રસપ્રદ છે.

૪૩. હું શિક્ષકોને પૂજ્ય ગણું છું.

૪૪. મારા શિક્ષકો વિદ્યાર્થીઓની જરૂરી બાબતમાં વચ્ચે પડી માર્ગદર્શન આપે છે.

૪૫. બધા શિક્ષકોની શિક્ષણશૈલી ઠીક હોય છે.એ બાબતમાં મારે કંઇ કહેવાનું નથી.

૪૬. મારા શિક્ષકો સામાન્યજ્ઞાનનો પણ લાભ આપે છે.

૪૭. હું શિક્ષકને જીવતીજાગતી પ્રેરણા માનું છું.

૪૮. મારા શિક્ષકો વિદ્યાર્થીઓને દરેક કામમાં નિરૂત્સાહી બનાવે છે.

૪૯. શિક્ષકો વિદ્યાર્થીઓમાં ઇર્ષ્યા પેદા કરાવે છે.

૫૦. શિક્ષકો દુર્ગુણોથી ચેતવા સલાહ આપે છે.

૫૧. મારા શિક્ષકો યોગ્ય સમયે વાલીનો પણ સંપર્ક સાધે છે.

૫૨. શિક્ષકોને વાલી સાથે સમય બગાડવો ગમતો નથી.

૫૩. મારા શિક્ષકો કશી બાબતમાં ડોળ કરતા નથી.

૫૪. શિક્ષકોએ વિદ્યાર્થીઓને પોતાના બાળકની જેમ ગણવા જોઇએ.

૫૫. શિક્ષકો શાળામાંજ પોતાનું હિત જુએ છે.

૫૬. મારા શિક્ષકો શાળા કે શાળાની બહાર એકસરખો વર્તાવ દાખવે છે.

૫૭. શિક્ષકો કદી ભેદભાવ બતાવતા નથી.

૫૮. મારા શિક્ષકો તોફાની વિદ્યાર્થીઓને પ્રેમથી જીતી લે છે.

૫૯. મારા શિક્ષકો કદી નવરા જ ન પડે.

૬૦. કેટલાક શિક્ષકો ફુરસદના સમયે પણ પ્રવૃત્તિ કરે છે.

૬૧. મારા શિક્ષકો વર્ગમાં વ્યક્તિગત ધ્યાન આપે છે.

૬૨. હું શિક્ષકોના મગજને ગુસ્સાનો ભંડાર માનુ છું.

૬૩. હું શિક્ષકોના મગજને શાંતિ અને સૌમ્યતાનું સ્થાન માનુ છું.

૬૪. મારા શિક્ષકો વિદ્યાર્થીના ગમે તેવા વર્તન સામે શાંતચિત્તે ઉકેલ શોધે છે.

૬૫. મારા શિક્ષકો મહેણાંટોણાં બહુ મારે છે.

૬૬. શિક્ષકો રચનાત્મક સૂચન કરે છે.

૬૭. શિક્ષકો કેટલીક વખત કટાક્ષવાણી વાપરે છે.

૬૮. શિક્ષકો લાગણી પ્રધાન હોય છે.

૬૯. શિક્ષકો સમયાનુસાર કડક વલણ બજાવે છે.

૭૦. મારા શિક્ષકો વિદયાર્થીઓના જ્ઞાનના પૂરક જેવા છે.

૭૧. શિક્ષકનું ધ્યાન વધુ ટયુશન મેળવવામાંજ હોય છે.

૭૨. મારા શિક્ષકો નિ: સ્વાર્થ ભાવનાની પ્રેરક મૂર્તિ સમાન છે.

૭૩. શિક્ષક જ વિદયાર્થીને ઉચ્ચતમ પગથિયે ચઢાવે છે.

૭૪. શિક્ષક ખાનગી ટયુશન દરમિયાન વધુ સારૂં શીખવે છે.

Attitude towards Home

ઘર તરફનું વલણ

૧. હું ઘરમાં રહેવું પસંદ કરું છું.

૨. મને મારાં ભાઇબ્હેનો સાથે રમવું ગમે.

૩. મને બહારના લોકો કરતાં માબાપ સાથે રહેવું વધારે ગમે.

૪. ઘર શા માટે છાત્રાલય વધારે સારાં છે.

૫. ઘરમાં વડીલોની સરમુખત્યારી સહન કરવી પડે છે.

૬. ઘરમાં રહેવું એટલે સ્વતંત્રતા ઉપર કાપ મૂકાય છે.

૭. બાળકોને સાચી પ્રેરણા ઘરના વાતાવરણમાંથી જ મળે છે.

૮. ઘરમાં રહેવું એટલે સ્વતંત્રતા ઉપર કાપ મૂકાય છે.

૯. કોઇક વખતે મને ઘર ગમે છે, કોઇ વખતે નથી ગમતું.

૧૦. મને માબાપ સાથે બહાર જવું બહુ ગમે.

૧૧. હું ઘરને ફક્ત રહેવા અને જમવા માટેનું સ્થળ ગણું છું.

૧૨. રાજામહારાજાઓના મહેલ કરતાં હું કુટુંબ સાથે ઘરમાં રહેવું પસંદ કરીશ.

૧૩. હું બીજે ગમે ત્યાં રહેવાનું પસંદ કરીશ, ઘર નથી જોઇતું.

૧૪. હું મારી મુંઝવણનો ઉકેલ સગાવહાલાં કરતાં બહારના લોકો પાસેથી મેળવવો પસંદ કરું.

૧૫. મને મારાં ભાઇબ્હેનો કરતાં બહારનાં છોકરાં સાથે ભળવું ગમે.

૧૬. હું મારી મુઝવણનો તોડ માબાપ પાસેથીજ મેળવી લઉં છું.

૧૭. મારા ઘરની આસપાસનું વાતાવરણ ગલીચ છે.

૧૮. મારા ઘરમાં નિંદાત્મક અને કલુષિત વાતાવરણ છે.

૧૯. ઘર એટલે નવીન પ્રેરણાનું ઉદભવસ્થાન.

૨૦. ઘરમાં બાળકોને સહાનુભૂતિભર્યું વાતાવરણ મળે છે.

૨૧. મારા ઘરમાં અમે સ્થળસંકોચ અનુભવીએ છીએ.

૨૨. મને ઘરમાં રહેવું જરાયે ગમતું નથી.

૨૩. મારૂં ઘર એટલે ગરીબાઇનો આબેહુબ નમૂનો.

૨૪. મારા ઘરમાં હેતુલક્ષી પ્રવૃત્તિઓને સ્થાન છે.

૨૫. આદર્શ વાતાવરણવાળા ઘરમાં રહેવું હું પસંદ કરૂં.

૨૬. મારા ઘરનાં માણસો ઉપર વિશ્વાસ ન મૂકી શકાય.

૨૭. આર્થિક દ્રષ્ટિએ મારૂં ઘર [illegible] સધ્ધર છે.

૨૮. મને ઘરમાં સહકારથી કામ કરવું ગમે.

૨૯. મને ઘરની કોઇપણ બાબતમાં નિયમિતપણું બહુંજ ગમે.

૩૦. મારા ઘરમાં અનિયમિતતાને મહદ અંશે સ્થાન મળ્યું છે.

૩૧. મારાં માબાપ, હું સૌથી નાનો હોવાને લીધે બહુંજ લાડ કરાવે છે.

૩૨. ઘરમાં પગ મૂક્યો એટલે ઠપકો અને તિરસ્કાર સ્હેવાનો.

૩૩. મારાં માબાપ હંમેશાં પ્રફુલ્લિત મનથી અમને ઘરમાં આવકારે છે.

૩૪. મારાં ભાઇબ્હેનો અંદરઅંદર ઝઘડે છે.

૩૫. મારાં માબાપ તેમના અંગત કામ ઉપરાંત અમારાં પ્રવૃત્તિઓમાં એટલોજ રસ ધરાવે છે.

૩૬. અમે બધાજ ભાઇબ્હેન વિના સંકોચે અમારા વિચારો માબાપ પાસે વ્યક્ત કરી શકીએ છીએ.

૩૭. મારી ઓરમાન બા, સગી બા જેવોજ વર્તાવ કરે છે.

૩૮. મારાં માબાપ અમારી નાની શી બાબત તરફ અવગણના કરતાં નથી.

૩૯. હું માબાપને પૂજ્ય સ્થાને મૂકું છું.

૪૦. મને માબાપનું મિત્રાચારીભર્યું વલણ ગમે છે.

૪૧. વડીલો હંમેશાં મહત્વાકાંક્ષી હોય છે.

૪૨. મારા માબાપ વચ્ચેના સબંધો મનને અકળાવી મૂકે છે.

૪૩. તંદુરસ્તીને લક્ષમાં લઇએ તો મારા ઘરમાં જરાપણ કાળજી લેવાતી નથી.

૪૪. કેટલીકવાર ઘરમાંથી નાશી છુટવાનું મન થાય છે.

૪૫. પક્ષપાતી બનવાનું માબાપ જ શીખવે છે.

૪૬. મારાં માબાપ મારી બધીજ ફરિયાદો શાંતિથી સાંભળે છે.

૪૭. મને સંસ્કારી વાતાવરણમાં જ જીવવું ગમે.

૪૮. લાગણીવશ થવું એ મારા ઘરમાં સારસામાં ઉતરેલું છે.

૪૯. ~~સ્વભાવ~~ મને સંકુચિત માનસવાળા લોકો સાથે ભળવું ગમતું નથી.

૫૦. મારા ઘરમાં મારા વિચારો સાથે સંમતિ નહિ મળતાં હું મુંઝાઉં છું.

૫૧. મને મોટેરાંની સલાહ માગવી ગમતી જ નથી.

૫૨. મને માબાપની રોકટોક સહન કરવી ગમતી નથી.

૫૩. મને ઘરની બહાર જ કામ કરવાનો ઉત્સાહ આવે છે.

૫૪. જ્યારે હું બીજાની સાથે હોઉં ત્યારે એકલો અટૂલો પડી ગયેલો લાગું છું.

૫૫. મને મારા ઘરમાં વડીલોની બહુજ બીક લાગે છે.

૫૬. ઘરના વડીલો હોય તોયે ઠીક અને ન હોય તોયે ઠીક, કંઇ બીક જ નહી.

૫૭. ઘર એટલે લાગણીઓ-વૃત્તિઓને યોગ્ય માર્ગે વાળનાર સાધન.

૫૮. મારા ઘરમાં શારીરિક શિક્ષાને સ્થાન જ નથી.

૫૯. ~~મારાસહુ~~ તો શાળામાં જવા કરતાં માબાપ પાસે શિક્ષણ ~~લેવાનું~~ મેળવવું પસંદ કરું.

૬૦. જીવનનું સાચું શિક્ષણ ઘરમાંથી નહિ પણ બહારથી જ મળે.

૬૧. હું તો શાળામાં જવા કરતાં માબાપ પાસે શિક્ષણ મેળવવું પસંદ કરું.

૬૨. બાળકના આદર્શ જીવનમાં માબાપનો ફાળો મુખ્ય છે.

૬૩. મારાં માબાપ અમને દરેક કાર્યમાં નિરૂત્સાહી બનાવે છે.

૬૪. મારાં માબાપ અશિક્ષિત છે એટલે અમારી [illegible] વાતોમાં રસ ધરાવતાં નથી.

પ્રશ્નાવલિ-નં. ૧.

રાજકારણ

સૂચના:- નીચે આપેલા પ્રશ્નોના જવાબમાં હા કે ના ઉપર કુંડાળુ કરો:-

૧. તમને રાજકારણમાં રસ છે? હા ના

૨. તમે દરરોજ છાપામાંથી રાજકારણના સમાચારો રસપૂર્વક વાંચો છો? હા ના

૩. તમે માનો છો કે વિદ્યાર્થીઓએ રાજકારણમાં રસ નહિ લેવો જોઇએ? હા ના

૪. તમે માનો છો કે વિદયાર્થીઓએ રાજકારણમાં રસ લેવો જોઇએ? હા ના

૫. તમે માનો છો કે રાજકારણમાં ભાગ લેવાથી

:અ: વિદ્યાર્થી વધારે સારી રીતે કામ કરી શકે છે. હા ના

:બ: રાજકીય બાબતો સારી રીતે સમજી શકે છે. હા ના

:ક: વિદ્યાર્થીઓ શિસ્ત જાળવતા નથી. હા ના

:ડ: અભ્યાસ તરફ બેદરકાર બને છે. હા ના

:ઇ: સત્તાધીશો સામે વિરોધ કરતાં શીખે છે. હા ના

૬. વિદયાર્થીએ રાજકારણમાં કેટલા પ્રમાણમાં ભાગ લેવો જોઇએ?

:અ: સંપૂર્ણ રીતે. હા ના

:બ: ફક્ત રાજકીય પક્ષના સભ્ય તરીકે. હા ના

:ક: ફક્ત રાજકીય બાબતોની ચર્ચા પુરતી હા ના

:ડ: રાજકીય પક્ષોએ ગોઠવેલા અભ્યાસ વર્તુળોમાં હાજરી પૂરતો. હા ના

૭. તમે કદી વિદ્યાર્થી હડતાળમાં જોડાયા છો? હા ના

૮. તમે બીજી કોઇ હડતાળમાં જોડાયા છો? હા ના

૯. આજના રાજકીય નેતાઓથી તમને સંતોષ છે? હા ના

૧૦. તમને હાલના વિદ્યાર્થીમંડળના કાર્ય અને હક્કોથી સંતોષ છે? હા ના

૧૧. તમે સામાજિક કાર્યમાં ભાગ લો છો? હા ના

૧૨. સામાજિક કાર્યો બધા વિદ્યાર્થીઓ માટે ફરજિયાત રાખવા જોઇએ એવું માનો છો? હા ના

૧૩. તમને હાલના શાળામાંના અને શાળા બહારના શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સબંધોથી સંતોષ છે? હા ના

૧૪. રાજકારણ ભણવાથી વિદ્યાર્થીનું સમાજમાં બહુમાન થાય છે એવું માનો છો? હા ના

૧૫. તમે માનો છો કે વિદ્યાર્થીઓએ કોઇપણ રાજકીય પક્ષમાં જોડાઇ જવું જોઇએ? હા ના

૧૬. તમને એસેમ્બલીમાં વંચાતા રાજકારણના સમાચારો સાંભળવામાં રસ પડે છે? હા ના

૧૭. વિદ્યાર્થી અવસ્થામાં રાજકારણની ઉંડી સમજ સારી વસ્તુ કહેવાય? હા ના

૧૮. તમને બીજા વિષયો કરતાં રાજકારણનો વિષય વધુ રસપ્રદ લાગે છે? હા ના

૧૯. ભારતના દરેક વિદ્યાર્થી નાગરિકને રાજકારણની સમજ હોવી જોઇએ એવું તમે માનો છો? હા ના

૨૦. તમને લાગે છે કે રાજકીય જ્ઞાન વિનાનો વિદ્યાર્થી વિદ્યાર્થી ન જ કહેવાય. હા ના

૨૧. તમને રાજકારણ સમજવું નીરસ અને અર્થ વગરનું લાગે છે. હા ના

૨૨. [illegible] જ્યારે કોઇ રાજકારણની ચર્ચા કરે છે ત્યારે તમને ત્યાંથી ચાલ્યા જવાનું મન થાય છે? હા ના

૨૩. તમને રાજકીય બાબતોની ચર્ચા આનંદદાયક લાગે છે? હા ના

૨૪. [illegible] તમે કોઇ પણ રાજકીય પક્ષના સમાચારોમાં ખૂબ રસ ધરાવો છો? હા ના

૨૫. તમને રાજકારણની બાબત તદન અસત્યને માર્ગે લઇ જનારી છે એવું લાગે છે? હા ના

૨૬. તમને લાગે છે કે રાજકારણોના સમાચારોની સમજણ માનસિક વિકાસમાં મદદરૂપ થઇ પડે છે? હા ના

૨૭. રાજકારણ અને વિદ્યાર્થી આ બે નો મેળ બેસે છે? હા ના

૨૮. તમને લાગે છે કે આપણાં છાપાંઓમાં રાજકીય સમાચારોને મહત્વ આપ્યા શિવાય અન્ય રસમય બાબતો છાપવી

જોઇએ? હા ના

૨૯. તમને લાગે છે કે રાજકારણમાં ઝંપલાવવાને લીધેજ વિદ્યાર્થીઓની શિસ્ત બગડી છે? હા ના

૩૦. બધા વિષયોની સરખામણીમાં રાજકારણને છેલ્લો નંબર આપવો જોઇએ? હા ના

૩૧. તમે શાળા બહારનાં વિદ્યાર્થી મંડળોમાં ભાગ લો છો? હા ના

૩૨. તમે વિદ્યાર્થી મંડળોમાં રાજકીય પક્ષો વિષે ચર્ચા કરો છો? હા ના

૩૩. વિદ્યાર્થી મંડળો કંઇક અંશે વિદ્યાર્થીને મદદરૂપ છે એવું તમે માનો છો? હા ના

૩૪. હાલની સરકાર વિદ્યાર્થીના હિતમાં કામ કરી રહી છે એવું તમે માનો છો? હા ના

૩૫. વિદ્યાર્થીને હાલની સરકાર માટે અણગમો થયો છે એવું લાગે છે? હા ના

૩૬. હાલની સરકાર ન હોત તો કદાચ વિદ્યાર્થીની પ્રગતિ ન થઇ શકી હોત એવું તમે માનો છો? હા ના

૩૭. વિદ્યાર્થીઓમાં ગેરશિસ્ત ફેલાવવામાં હાલની સરકાર જ કારણભૂત છે એવું તમને લાગે છે? હા ના

૩૮. તમને લાગે છે કે વિદ્યાર્થીઓને રાજકીય પક્ષજ મદદ કરી રહ્યો છે? હા ના

૩૯. તમને લાગે છે કે દેશની પ્રગતિ રાજકીય પક્ષોને આભારી છે? હા ના

૪૦. તમને લાગે છે કે રાજકીય પક્ષોને લીધેજ વિદ્યાર્થીઓ ભ્રાતર તરફ બેદરકાર બન્યા છે? હા ના

૪૧. તમને લાગે છે કે રાજકીય પક્ષો શાળાની શિસ્ત સુધારવામાં મદદરૂપ છે? હા ના

૪૨. શિક્ષકો રાજકીય પક્ષોની ચર્ચા વિદ્યાર્થીઓની સમક્ષ કરે તે યોગ્ય લાગે છે? હા ના

૪૩. તમે માનો છો કે આર્થિક અસમાનતા, ગેરશિસ્તનું કારણ છે? હા ના

૪૪. તમે જ્ઞાતિભેદમાં માનો છો? હા ના

૪૫. જ્ઞાતિભેદને લીધેજ વિદ્યાર્થીઓમાં ગેરશિસ્ત ફેલાય છે એમ તમે માનો છો? હા ના

૪૬. આજના વિદ્યાર્થીઓમાં શિસ્ત ભાવના ઓછી થતી જાય છે તેને માટે સરકાર સામેની ચળવળો કારણભૂત છે એમ લાગે છે? હા ના

પ્રશ્નાવલિ નં. ૨.

શાળામાં સામૂહિક અને સ્વાયત્ત જીવન

સૂચના:- નીચે આપેલા પ્રશ્નોના જવાબ સામે 'હા' કે 'ના' ઉપર કુંડાળું કરો.

૧. તમે રમતગમતમાં ભાગ લો છો? હા ના

૨. તમારી શાળામાં રમતગમતના સાધનો પૂરતા છે? હા ના

૩. તમે રમતગમતમાં ભાગ લેતા નથી કારણ કે

:અ: રમવા માટે મેદાન નથી. હા ના

:બ: રમતોમાં રસ નથી. હા ના

:ક: રમતોમાં વિવિધતા મળતી નથી. હા ના

૩અ તમે શાળાની સાંસ્કારિક પ્રવૃત્તિ જેવી કે નાટક, ગરબા વગેરેમાં ભાગ લો છો? હા ના

૪. તમે સાંસ્કારિક પ્રવૃત્તિમાં ભાગ લેતા નથી કારણ કે

:અ: ભાગ લેવો ગમતો નથી. હા ના

:બ: પૂરતી તક મળતી નથી. હા ના

:ક: ઘરના વડીલોને ગમતું નથી. હા ના

:ડ: સમય પૂરતો મળતો નથી. હા ના

૫. શાળાની ઇતર પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં તમે ભાગ લો છો? હા ના

૬. તમને શાળામાં તમારા વિચારો વ્યક્ત કરવાની તક મળે છે? હા ના

૭. તમને એવું લાગે છે કે શાળાની ઇતર પ્રવૃત્તિઓ રસપ્રદ નથી? હા ના

૮. ઇતર પ્રવૃત્તિઓ અંગે તમારા આચાર્ય તમને ચર્ચા કરવાનો મોકો આપે છે? હા ના

૯. તમને એમ લાગે છે કે શાળામાં અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ માટે પૂરતી સગવડ નથી? હા ના

૧૦. તમને એમ લાગે છે કે શાળામાં તમારા વ્યક્તિત્વને ઘડી નાંખવામાં આવે છે? હા ના

૧૧. વિદ્યાર્થી સંઘનું સંચાલન વિદ્યાર્થીઓ પોતેજ કરે એવું તમે માનો છો? હા ના

૧૨. વિદ્યાર્થી સંઘના સંચાલનમાં તમે ભાગ લીધો છે? હા ના

૧૩. તમને એવું લાગે છે કે આવા સંચાલનમાં ભાગ લેવાની ઇચ્છા હોવા છતાંય તમને તક આપવામાં આવતી નથી? હા ના

૧૪. વિદ્યાર્થી સંઘના સંચાલનથી તમને સંતોષ છે? હા ના

૧૫. તમે શાળાના પર્યટનમાં ભાગ લો છો? હા ના

૧૬. તમે પર્યટનમાં ભાગ લેતા નથી કારણ કે

:અ: આર્થિક સગવડ નથી. હા. ના

:બ: આર્થિક સગવડ હોવા છતાં ઘરમાં વડીલો વિરોધ કરે છે. હા ના

:ક: ઘરના વડીલો જૂનવાણી હોવાથી વિરોધ કરે છે. હા ના

:ડ: નાજૂક તબિયત હોવાથી વિરોધ કરે છે. હા ના

:ઇ: ઘરમાં લાડકો-લાડકી હોવાથી વિરોધ કરે છે. હા ના

૧૭. તમારા શિક્ષકો તમારા પ્રશ્નો સહાનુભૂતિથી સમજવા પ્રયત્ન કરે છે? હા ના

૧૮. શિક્ષકોનું વર્તન તમારા તરફ તિરસ્કારભર્યું હોય એવું તમને લાગે છે? હા ના

૧૯. શિક્ષકોનું વર્તન તમારી તરફ મૈત્રીભર્યું હોય તેવો તમારો અનુભવ છે? હા ના

૨૦. તમારી ફરિયાદો વ્યક્ત કરવાનો તમને પૂરતો મોકો મળે છે? હા ના

૨૧. તમારા શિક્ષકો તમારા વ્યક્તિગત પ્રશ્નો સહાનુભૂતિથી સમજવાનો પ્રયત્ન કરે છે? હા ના

૨૨. તમારો ફુરસદનો સમય કેવી રીતે પસાર કરો છો?

:અ: ટોળટપ્પા કરીને. હા ના

:બ: રમતગમતમાં. હા ના

:ક: ઇતર વાચનથી. હા ના

:ડ: ઊંઘ અને આળસમાં. હા ના

:ઇ: ઘરના કામકાજમાં. હા ના

:ઈ: શું કરવું તે જ સમજાતું નથી. હા ના.

---ooo---